R.N.I. Regd. No. GUJGUJ/2022/82886

Date of Publication: 25th of Every May, August, November & February

નાપા - નડિયાદ - પાદરા દિશાવાળ સમાજનું અગ્રણી મુખપત્ર

ગુજરાતનો સમૃધ્ધ વૈશ્વિક ઉચ્ચ જ્ઞાતિનો સનાતન પરિવાર

# સદ્‌ગુણ જયતે

ત્રિમાસિક

સનાતન સદ્‌કર્મ સંસ્કાર સાહસ સમજુતી સંબંધ

SADGUN JAYATE
(QUARTERLY)

Editor: KAUSHAL JAYANTILAL SHAH
Mobile : 88668 83883

Yr: 05 ● Iss. : 01 ● Cont. Issue: 17 ● May 25, 2026 ● Page: 04 ● Price : Rs. 5-00 ● Annual Sub. : Rs.20/-

Off. : Shree Shakti Management, Lower Ground Floor, Shop No. 20, Center Point, Panchvati Cross Road, C.G. Road, Ahmedabad - 6

## મંદિરમાં શા માટે ચપ્પલ બહાર ઉતારવું

મંદિરમાં ઉઘાડપગું પ્રવેશવું પડે છે, આ નિયમ વિશ્વના દરેક હિન્દુ મંદિરોમાં છે. તેની પાછળનું વૈજ્ઞાનિક કારણ એ છે કે મંદિરના માળનું નિર્માણ પ્રાચીન કાળથી જ એવી રીતે કરવામાં આવ્યું છે કે તે વિદ્યુત અને ચુંબકીય તરંગોનો સૌથી મોટો સ્ત્રોત છે. જ્યારે વ્યક્તિ આના પર ઉઘાડપગું ચાલે છે, ત્યારે મહત્તમ ઉર્જા પગ દ્વારા શરીરમાં પ્રવેશે છે.

### દીવો પ્રગટાવવવાનું વૈજ્ઞાનિક કારણ

આરતી પછી, બધા લોકો તેમના હાથ દીવા અથવા કપૂર પર રાખે છે અને પછી તેને માથા પર લગાવે છે અને આંખોને સ્પર્શ કરે છે. આમ કરવાથી, હળવા ગરમ હાથથી દૃષ્ટિની ભાવના સક્રિય થાય છે અને વ્યક્તિ સારું લાગે છે.

### મંદિરમાં ઘંટ વગાડવાનું કારણ

જ્યારે પણ કોઈ વ્યક્તિ મંદિરમાં પ્રવેશ કરે છે, ત્યારે દરવાજા પર ઘંટ વગાડવામાં આવે છે. મુખ્ય મંદિરમાં મા પ્રવેશ કરતી વખતે ઘંટ વગાડવો પડે છે (જ્યાં ભગવાનની મૂર્તિ પણ સ્થિત છે),

તેની પાછળનું કારણ એ છે કે તેમાંથી નીકળતો અવાજ સાત સેકન્ડ સુધી ગુંજતો રહે છે જે શરીરના સાત હીલિંગ કેન્દ્રોને સક્રિય અને કુડલિનિ શક્તિ જગ્રુત કરે છે.

### મંદિરમાં ભગવાનની મૂર્તિ

મંદિરમાં, ભગવાનની મૂર્તિ ગર્ભગૃહની મધ્યમાં મૂકવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આ સ્થાન પર સૌથી વધુ ઉર્જા હોય છે, જ્યાં સકારાત્મક ઉર્જા શરીરમાં પહોંચે છે અને સકારાત્મક વિચાર સાથે ઉભા રહેવા પર નકારાત્મકતા દૂર ભાગી જાય છે.

### પરિક્રમા કરવા પાછળનું વૈજ્ઞાનિક કારણ

દરેક મુખ્ય મંદિરમાં દર્શન કર્યા પછી. જ્યારે મંદિરમાં પરિક્રમા કરવામાં આવે છે, ત્યારે તમામ સકારાત્મક ઉર્જા શરીરમાં પ્રવેશ કરે છે અને મનને શાંતિ મળે છે. પરિક્રમા સાથે જોડાયેલી ખાસ વાતો સૂર્ય દેવની સાત, ભગવાન ગણેશની ચાર, ભગવાન વિષ્ણુ ની ચાર અને તેમના તમામ અવતારની ચાર પરિક્રમા કરવી. દેવી દુર્ગાની ત્રણ . હનુમાનજી અને શિવની અડધી પરિક્રમાનો નિયમ છે. શિવની અડધી પરિક્રમા કરવામાં આવે છે, આ સંબંધમાં એવું માનવામાં આવે છે કે જળ ધારકને પાર ન કરવું જોઈએ.

## આપણે વાસી ખાઈને ઉપવાસી રહીએ છીએ?

પહેલાના સમયમાં એક બહેનના લગ્ન થયા. સાસરે ગયા. થોડા દિવસ પછી એક સંબંધી તેના ગામમાં આવ્યા મળ્યા જતી વખતે પૂછે છે કે પિયરમાં કંઈ કહેવું છે ?

બહેન કહે કે ઘરે કહેજો કે "દિકરી મજામાં છે વાસી ખાય છે ને ઉપવાસી રહે છે"

પેલા ભાઈ કહે સારું, તેમના ગયા પછી સાસુ પૂછે છે કે "વહુ, તમને અહીં આવ્યા પછી ક્યારે વાસી ખવડાવ્યું? ક્યારે ઉપવાસ કરવો પડ્યો?"

વહુ કહે હું અહીં આવી ત્યારથી જોઉં છું કે બધા ખાઈ-પીને મજા કરે છે પણ કોઈ ભગવાનને યાદ કરતું નથી કે સત્ કર્મ કરતું નથી ગયા જન્મે કંઈ સારા કર્મો કર્યા હશે તેથી આ જન્મમાં ભગવાને ઘણી સંપત્તિ આપી છે તેથી એવું કહ્યું.

સાસુ કહે બેટા, સમજાવો કેવી રીતે?

વહુ કહે બા, આ જન્મમાં જે પણ સુખ ભોગવીએ છીએ તે ગયા જન્મના સત્ કર્મનું પરિણામ છે તે અર્થમાં આપણે વાસી (ગયા જન્મનું) ખાઇએ છીએ. અને (આવતા જન્મને માટે) આ જન્મમાં કંઈ સત્ કર્મ કરીને જમા કરાવતા નથી તે અર્થમાં ઉપવાસી રહીએ છીએ.

એટલે કહ્યું કે "વાસી ખાઈએ છીએ અને ઉપવાસી રહીએ છીએ."

આપણું પણ કંઈ તેવું તો નથીને? આંતર અવલોકન કરીએ અને સત્ (પ્રભુ)ને ગમે, તેની નજીક જવાય તેવા થોડા ઘણા પણ સત્કર્મ કરીને આ જન્મ તથા આવતો જન્મ સફળ બનાવીએ. અસ્તુ.




## વિવિધતામાં એકતા

# સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાતના પ્રદેશોના પ્રાચીન નામ

(૧) વઢિયારઃ બનાસ નદી અને સરસ્વતી નદી વચ્ચેનો પ્રદેશ.

(૨) બન્નીઃ કચ્છના મોટા રણમાં ભુજની ઉત્તરે આવેલ છે. અહીં ઘાંસના મેદાન છે. બન્નીની ભેંસો વખણાય છે.

(૩) વાગડઃ નાના રણ અને મોટા રણ વચ્ચેનો કચ્છનો પ્રદેશ.

(૪) ઘેડઃ જુનાગઢ અને પોરબંદર જીલ્લાનો ભાદર, ઓઝત, સાબલી નદી કાંઠાનો, દરીયાઈ પટ્ટી સુધીનો, રકાબી આકારનો પ્રદેશ કે જ્યાં ચોમાસામાં પુરના પાણી (છેલ) ફરી વળે છે.

(૫) નાઘેરઃ ચોરવાડથી ઉના સુધીનો હાલના ગીર સોમનાથ જીલ્લાનો પ્રદેશ કે જેને લીલી નાઘેર કહેવામાં આવે છે.

(૬) બરડોઃ હાલના પોરબંદર જીલ્લાનો ઉત્તર તરફનો બરડા ડુંગરનો પ્રદેશ.

(૭) સોરઠઃ હાલના જુનાગઢ અને ગીર સોમનાથ જીલ્લાનો પ્રદેશ.

(૮) હાલારઃ હાલના જામનગર અને દેવભુમી દ્વારકા જીલ્લાનો પ્રદેશ.

(૯) ગોહીલવાડઃ હાલના ભાવનગર જીલ્લાનો ઘણો અને શેત્રુંજી નદી વચ્ચેનો પ્રદેશ.

(૧૦) ગાયકવાડઃ અમરેલી જીલ્લાનો પ્રદેશ અને જુનું વડોદરા રાજ્ય.

(૧૧) કાઠીયાવાડઃ જુનાગઢ જીલ્લાના વિસાવદર અને ભેંસાણ તાલુકાનો પૂર્વ ભાગ અને તેને અડીને આવેલ અમરેલી જીલ્લાનો પશ્ચિમી ભાગ કે જ્યાં કાઠી દરબારોની વસ્તી છે.

(૧૨) બાબરીયા વાડઃ અમરેલી જીલ્લાના બાબરા તાલુકા આજુ બાજુનો પ્રદેશ કે જે બાબરીયા દરબારોનું જુનું રાજ્ય હતું.

(૧૩) ઝાલાવાડઃ સુરેન્દ્રનગર જીલ્લાનો નાના રણ અને નળ સરોવર વચ્ચેનો પ્રદેશ કે જ્યાં ઝાલા રાજપૂતોની વસ્તી છે. (રાજસ્થાનમાં પણ ઝાલાવાડ છે.)

(૧૪) પાંચાળઃ હાલના રાજકોટ જીલ્લા અને સુરેન્દ્રનગર જીલ્લા વચ્ચેનો પ્રદેશ કે જ્યાં પાંચાળી (દ્રોપદી) એ પગલાં કર્યા હતા.

(૧૫) ચરોતરઃ વાત્રક (શેઢી) અને મહી નદી વચ્ચેનો પ્રદેશ.

(૧૬) ભાલઃ અમદાવાદની દક્ષિણ પશ્ચિમનો પ્રદેશ.

(૧૭) નળકાંઠોઃ નળ સરોવર અને સાબરમતી નદી વચ્ચેનો પ્રદેશ.

(૧૮) લાટઃ દક્ષિણ ગુજરાતનો પ્રદેશ.

(૧૯) કાનમઃ ઢાઢર નદી અને નર્મદા નદી વચ્ચેનો પ્રદેશ.

(૨૦) ખાખરીયો ટપોઃ કડી અને કલોલ વચ્ચેનો પ્રદેશ.

(૨૧) ગઢવાડાઃ સતલાસણા તાલુકાનો પ્રદેશ

(૨૨) ગોઢાઃ બનાસકાંઠાની પશ્ચિમે આવેલો અર્ધ રણ પ્રદેશ.

(૨૩) દડકારણ્યઃ ડાંગ જીલ્લાનો પ્રદેશ.

---

# કાઠીયાવાડી ભાષાનું અદ્ભુત શબ્દભંડોળ ...

★ અમે ફરવા નહીં રખડવા જાઈયે,
★ અમે જમીએ નહીં ખાઈએ ,
★ અમારે ત્યાં વાસણ નહીં ઠામ હોય,
★ અમે કપડા નહીં લુગડા પેરીયે,
★ અમે ચાલીએ નહીં હાલીયે ,
★ અમે મગફળી ને માંડવી કહીયે,
★ અમે બારણા ને કમાડ કહીયે,
★ અમે વરસાદ ને મેહ કહીયે,
★ અમે માટલું નહીં ગોળો કહીયે,
★અમે મોટર સાયકલ નહિ ભટભટીયૂ કહીયે,
★ અમે ઝુલીએ નહિ હીચકીયે ,
★ અમારે ઘરે ઝૂલો નહીં ખાટ હોય,
★ અમારે કાર નહી ગાડી હોય,
★ અમે યાત્રાએ નહી જાત્રાએ જઈયે,
★ અમારે ત્યાં લગ્ન નહીં લગન હોય,
★ અમે સ્કૂલે નહીં નિહાળે જઈયે,
★ અમે ખરીદવા નહીં હટાણુ કરવા જઈયે,
★ અમે વસ્તુ રીપેર નહીં હમી કરાવીયે,
★ અમે બીમાર નહીં માંદા પડીયે,
★ અમારે ત્યાં મહેમાન નહીં મેમાન આવે,
★અમે સ્મશાન યાત્રામાં નહીં આભડવા જઈયે,
★ અમે સ્નાન ના કરીએ નાહીએ
★ અમે સ્કૂલમાં નહિ, નિહાળમાં ભણીયે,
★ અમે વસ્તુના કેટલા રૂપિયા નહીં કેટલા પૈસા થયા તેમ પૂછીયે,
★ અમને શિક્ષક નહીં માસ્તર ભણાવે,
★ અમે સવારે બ્રેકફાસ્ટ નહીં શીરામણ કરીયે,
★ અમે બપોરે લંચ નહીં બપોરો કરીયે,
★ અમે બપોર પછી હાઈ ટી નહીં રોંઢો કરીયે,
★ અમે સાંજે ડીનર નહીં વાળુ કરીયે,
★ અમે સુઈ જાય નહીં હુઈ જા , કહીયે
★ અમે ગીત નહીં ગાણા સાંભળીયે,
★ અમે દુર જા નહી આઘો જા કહીયે,
★ અમે નજીક નહીં ઓરો આવ કહીયે,

આ તળપદી અને મીઠુડી વાણી અમારી આગવી ઓળખ છે.

ભાઈ અમે કાઠીયાવાડી ...
કાઠીયાવાડી ભાષાનું અદભુત શબ્દભંડોળ.

# ત્રીજી વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય નવાનિ ગૃહ્ણાતિ નરોઽપરાણિ ।
તથા શરીરાણિ વિહાય જીર્ણાન્યન્યાનિ સંયાતિ નવાનિ દેહી ॥

જેમ માણસ જુના વસ્ત્રો ત્યજીને બીજા નવાં વસ્ત્રો ગ્રહણ કરે છે,
તેમ જ જીવાત્મા જુનાં શરીરો ત્યજીને બીજાં નવાં શરીરો પામે છે.



અમારા પૂજ્ય પિતાશ્રી

## સ્વ. શ્રી જયંતિલાલ વાડીલાલ શાહ

તળજામંગળ પરિવાર પાદરાવાળાં

(રિટાયર્ડ શિક્ષક H.B.K. NEW HIGH SCHOOL)

જન્મ તા. ૧૪-૧૨-૧૯૩૯ શ્રીજીચરણ તા. ૦૩-૦૩-૨૦૨૩ (એકાદશી)

**પ્રભુ અરજ**

" પરમાત્મા આ આત્માને શાંતિ આપજો,
જે જીવ આપને શરણે આવ્યો છે તેને પ્રેમથી સ્વિકારજો.."
ૐ શાંતિ.... શાંતિ.... શાંતિ....

## શા માટે કરવામાં આવે છે સોપારીનો ઉપયોગ

# પૂજા-પાઠ અને ધાર્મિક અનુષ્ઠાનમાં સોપારીનું કેમ હોય છે મહત્વ



હિન્દુ ધર્મમાં દેવી-દેવતાઓની પૂજા માટે અલગ-અલગ પૂજન સામગ્રી નિર્ધારિત કરવામાં આવી છે. જેનું પોતાનું જ એક અલગ મહત્વ હોય છે. તો તેવી જ રીતે પૂજા-પાઠના અનુષ્ઠાનમાં સોપારી પણ ખુબ જ મહત્વપૂર્ણ છે. પૂજામાં સોપારીનું એટલું મહત્વ હોય છે કે, તેના વગર અમુક પૂજા પ્રારંભ થતી નથી. અહીં એક વાત વિચારવા જેવી છે કે, પૂજાની સોપારી અને ખાવાની સોપારી બંને બિલકુલ અલગ હોય છે. ખાવાની સોપારી મોટી અને ગોળ હોય છે. પરંતુ પૂજાની સોપારી થોડી નાની અને લાંબી હોય છે. આવો જાણીએ કે પૂજામાં સોપારીનું શું મહત્વ છે અને પૂજા કર્યા બાદ આ સોપારીનું શું કરવું જોઈએ. જેના વિશે મોટાભાગના લોકો અજાણ હોય છે.

ખાવાની સોપારી મોટી અને ગોળ હોય છે. પરંતુ પૂજાની સોપારી નાની અને થોડી લાંબી હોય છે. એવી માન્યતા છે કે પૂજાની સોપારીનો ઉપયોગ કરવાથી જીવનની દરેક તકલીફ સમાપ્ત થવા લાગે છે. પૂજા કર્યા પછી સોપારીને આમ તેમ મૂકવી જોઈએ નહીં, તેને પાણીમાં પ્રવાહિત કરી દેવી જોઈએ અથવા પૂજાસ્થાન તથા તિજોરીમાં રાખી શકો છો.

### સોપારી આટલી મહત્વપૂર્ણ શા માટે

કોઈ પણ પૂજાપાઠ અથવા અનુષ્ઠાન શરૂ કરતા પહેલા પૂજાની સોપારીને પાનની ઉપર બિરાજમાન કરવામાં આવે છે. એવી માન્યતા છે કે, સોપારીમાં દરેક દેવી દેવતાઓનો વાસ હોય છે. જે સ્થાન ઉપર કોઈ ભગવાનની પ્રતિમા હોતી નથી, તો પણ પંડિત મંત્ર ઉચ્ચાર કરીને સોપારીમાં દેવી-દેવતાઓનું આહવાહન કરે છે અને પૂજાપાઠને સંપન્ન કરાવે છે. હિન્દુ શાસ્ત્રમાં સોપારીને જીવંત દેવનું સ્થાન પ્રાપ્ત થયું છે. સોપારીને બ્રહ્મદેવ, યમદેવ, ઈન્દ્રદેવ અને વરુણદેવ આ દરેકનું પ્રતીક માનવામાં આવે છે.

### ગ્રહશાંતિની પૂજા માટે :

જો ઘરમાં ગ્રહશાંતિની પૂજા કરાવવામાં આવી રહી હોય તો સોપારી સૂર્ય ગુરુ મંગળ અને કેતુ આ ગ્રહોની પ્રતિનિધિ માનવામાં આવે છે. તે સિવાય જો કોઈ પણ કારણથી પૂજાનું આયોજન રાખવામાં આવ્યું છે. તો તેમાં મુખ્ય પાત્ર ઉપસ્થિત નથી તો તેની જગ્યાએ સોપારીને મૂકીને પૂજા પૂરી કરવામાં આવે છે. જેમ કે અમુક પુજા અનુષ્ઠાન એવા હોય છે જેમાં પતિ-પત્ની બંને સાથે હોવું ખુબ જ જરૂરી છે. પરંતુ એવી પરિસ્થિતિમાં પત્ની ક્યાંક બહાર ગઈ હોય અને પૂજા સ્થળ ઉપર હાજર ન હોય અથવા તેનું મૃત્યુ થઈ ગયું હોય તો તેમના સ્થાન ઉપર સોપારીની સ્થાપના કરીને પૂજાને પૂરી કરીને ફળ મેળવી શકાય છે.

### પૂજા પછી સોપારીનું શું કરવું ?

એવી માન્યતા છે કે, પૂજામાં સોપારીનો ઉપયોગ કરવાથી જીવનની દરેક તકલીફ સમાપ્ત થવા લાગે છે. પૂજા કર્યા બાદ સોપારીને આમતેમ મૂકવી જોઈએ નહીં તેને જળમાં પ્રવાહિત કરી દેવી જોઈએ અથવા તો પૂજા સ્થાન તથા તીજોરીમાં મુકી શકો છો. આમ કરવાથી ઘરમાં સુખ-સમૃદ્ધિ અને વૃદ્ધિ થાય છે તથા ધન સંબંધિત સમસ્યા રહેતી નથી. પૂજા કર્યા બાદ સોપારીને ભોજનમાં ઉપયોગમાં લેવી જોઈએ નહીં, તેનાથી તમારા જીવનમાં કઠિન પરિસ્થિતિ ઉત્પન્ન થઈ શકે છે. તેને કોઈ મંદિરમાં ચઢાવી શકો છો અથવા તો કોઈ પૂજારીને દાન કરી શકો છો.

"સદ્‌ગુણ જયતે" ત્રિમાસિકમાં છપાયેલા સમાચારો, લેખો, રચનાઓ અને ફોટોગ્રાફ વગેરે સાથે તંત્રીનું સહમત હોવું જરૂરી નથી.

• Printer, Publisher & Owned by •
Kaushal Jayantilal Shah, and

• Printed at Shri Ganesh Offset,
A/6, Subh Labh Estate, Tavdipura,
Dudheshwar, Ahmedabad 380 004, and

• Published from •
Shree Shakti Management, Lower Ground Floor,
Shop No. 20, Center Point, Panchvati Cross Road,
C.G. Road, Ahmedabad- 380 006

• Editor : Kaushal Jayantilal Shah

To, **BOOK-POST**